
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગેસ સસ્તો થાય એની ખુશી મનાવીએ એ પહેલા તેલ મોંઘુ થઇ જાય છે...!!

# "બસ કેમ ઉભી ન રાખી" તેમ કહી પથ્થર મારી બસનો કાચ તોડી નાંખ્યો

## વિજાપુર-અમદાવાદ બસને ચરેડી પાસે ઉભી રખાવી, ડ્રાઈવર-કંડકટરને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી, બે યુવકો સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૮

શહેરના ચરેડી રેલ્વે ફાટક પાસે વિજાપુર-અમદાવાદ બસ ઉપર પથ્થર મારી કાચ તોડી ડ્રાઈવર-કંડકટરને બે શખ્સોએ નીચે ઉતારી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. શહેરના ઘ-૬ પાસે બસના ડ્રાઈવરે બસ ઉભી નહી રાખતા બે યુવકોએ ઉશ્કેરાટમાં બંન્ને કર્મચારી પર હુમલો કરી સરકારી બસને નુકશાન પહોંચાડતા સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણાના વિજાપુર ખાતે રહેતા મહેશસિંહ રાઠોડ જી. એસ. આર. ટી. સી. માં છેલ્લા એક દાયકાથી વધુના સમયથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. જયારે વિજાપુર ડેપોમાં છેલ્લા ૬ વર્ષથી ફરજ બજાવે છે. ગત તા.૬ એપ્રિલના રોજ બપોરના સમયે તેઓ અને કંડકટર નિકુંજ પારેખ ડેપોની બસ લઈ નીકળ્યા હતા. ત્યારે બાપુનગર નાઈટ હોલ્ડ કર્યો હતો. જયારે બીજાદિવસે તા.૭ મી એપ્રિલના રોજ ડીસા થી અમદાવાદ બસ લઈને ગયા હતા. ત્યારબાદ વાયા ગાંધીનગર થી વિજાપુર જવા માટે રવાના થયા હતા. શહેરના ઘ-૬ બસ સ્ટેન્ડ ખાતે મુસાફરો ઉતર્યા હતા અને કેટલાક મુસાફરો બેઠા હતા. જયારે ચરેડી રેલ્વે ફાટક નજીક બમ્પ હોવાથી ડ્રાઈવર મહેશસિંહે બસ ધીમી કરી હતી. તે સમયે એક શખ્સે અચાનક બસની આગળ આવી બસને ઉભી રખાવી પથ્થર માર્યો કર્યો હતો.જેમાં બસનો મુખ્ય કાચ તુટી ગયો હતો. જયારે ઘ-૬ બસ કેમ ઉભી રાખી નહી તેમ કહી ડ્રાઈવરને નીચે પાડી દીધો હતો. આ માથાકુટ સમયે ટ્રાફિકજામ થઈ ગયો હતો. આ સમયે બીજા શખ્સે ડ્રાઈવર સાથે મારામારી શરુ કરી દીધી હતી. ડ્રાઈવરને છોડાવવા માટે વચ્ચે પડતા કંડકટરને પણ માર માર્યો હતો.આ મારામારીમાં ડ્રાઈવર-કંડકટરને ઈજા પહોંચી હતી. ત્યારે બે હુમલાખોર શખ્સોએ જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા.જેથી બસના ચાલકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બે હુમલાખોરોને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



૦૮.૦૪.૨૩ અને શનિવારના રોજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા દ્વારા લીગલ માર્ગદશન કાર્યક્રમ યોજાયો આજરોજ ગાંધીનગર ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટ ની ઓફિસ ખાતે સાપ્તાહિક કાર્યક્રમ યોજવામાં આવેલ ઉપરોક્ત કાર્યક્રમમાં લીગલ વિભાગના મંત્રી શ્રી આશિષભાઈ મહેતા તેમજ કોર્પોરેટર શ્રી, અડવો. છાયાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આજે સિવિલ અને ક્રિમિનલ મેટર સમસ્યાઓ રજૂ કરવામાં આવેલ છે મોટી સંખ્યા મા બૃહમ પરિવરો ને મફત કાયદાકીય માર્ગદશન આપવામા આવેલ દિનેશ રાવલ મીડિયા કન્વીનર શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા




આપણા દેશમાં શિક્ષણ, રોજગાર માટે અનેક યોજનાઓ અમલી હોવા છતાં બાળકોને બાળમજૂરી કરતાં રોકી શકાતા નથી. બાળમજૂરીના કડક કાયદો પણ તેની સામે કામ લાગતા નથી. પરિવારની ગરીબાઈ દૂર કરવા અને પેટનો ખાડો પૂરવા બાળકોને નાછૂટકે નાની ઉમંરમાં જ મજૂરીકામે લાગી જવુ પડે છે. ઘ-૨ સર્કલ પાસે નાના બાળકો ગાડીઓના કાચ સાફ કરી બે-પાંચ રૂપિયા કમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવા દૃશ્યો આપણા માટે ખરેખર શરમજનક છે.

## સુઘડ બાલાજી સોસાયટીના રહીશને ગાર્ડ સહિત ત્રણ વ્યકિતએ માર માર્યો

ગાંધીનગર,તા.૮

ગાંધીનગરના સુઘડની બાલાજી સોસાયટીના સિક્યુરીટી દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. માર્ગ પર ઉભા રહેલા સિક્યુરીટીને ગાર્ડને વચ્ચે નહી ઉભુ રહેવાનું સુચન કહેતા ગાર્ડે પોતાનો પિત્તો ગુમાવ્યો હતો. સોસાયટીના રહીશ પાર્કિંગમાં કાર પાર્ક કરવા જઈ રહ્યા હતા તે સમયે ગાર્ડ સહિત ત્રણ વ્યકિતએ મારામારી કરી હતી. જેને પગલે સ્થાનિક રહીશે ત્રણ વ્યકિત સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. મળતી માહિતિ મુજબ વિકાસકુમાર દિનાનાથસિંગ (રહે બાલાજી અગોરા રેસીડેન્સી,સુઘડ) ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ત્યારે ગતરોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં નોકરીથી કાર લઈ ઘરે આવ્યો હતો. તે સમયે સોસાયટીના સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા જીતુ રસ્તાની વચ્ચે ઉભો હતો. જેથી વાહન લઈ આવવા જવામાં તકલીફ ન પડે તે માટે ગાર્ડને માર્ગ વચ્ચે ઉભા ન રહેવા સુચના આપી હતી. તે દરમિયાન ગાર્ડ ઉશ્કેરાઈ ગયો હતો અને આ સાંભળીને અન્ય એક ગાર્ડ મહેશ ત્યાં આવી પહોંચ્યો હતો. તે કહેવા લાગ્યો હતો કે હુ જોવુ છુ તુ કેમ કરીને ગાડી લઈ જાય છે. આ દરમિયાન ગાડી પાર્કિંગ તરફ લઈ જવાના સમયે મહેશને અડી ગઈ હતી જેથી બંને ગાર્ડ પાર્કિંગમાં લાકડીના ડંડા લઈને પહોંચ્યા હતા. જયા ત્રીજો વ્યકિત પણ આવી ગયો હતો અને ત્રણેય જણાએ મારામારી શરુ કરી હતી.સોસાયટીમાં મારમારી થતા વિકાસના માતા અને અન્ય વસાહતીઓ દોડી આવ્યા હતા. જયારે મારામારી કરી ત્રણેય જણા નાસી ગયા હતા. જેને પગલે સોસાયટીના નાગરીકે ત્રણેય જણા સામે ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ગરમીનો પારો ઉંચકાતાં બપોરના ૧૨ વાગ્યા પછી માર્ગો પર ટ્રાફિક નહિવત્ થઈ ગયો હતો.

●ગાંધીનગર જિલ્લામાં પરીક્ષાનો માહોલ બરાબરનો જામ્યો છે.

●ગાંધીનગર શહેરમાં એસ.ટી. બસોની નિયમિતતા લોકજીભે ફરી ચર્ચાનો મુદ્દો બની ઉભરી છે.

●કોબામાં નગરસેવકો દ્વારા રમત-ગમતની કીટોનું વિતરણ કરાયુ છે.

●સાંતેજના મહાકાળી માતાના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

●દહેગામ ભાજપ દ્વારા ૬ એપ્રિલના રોજ પક્ષના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી.

●શિક્ષણ વિભાગમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ઓમપ્રકાશ પંચાલ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં સચિવશ્રી હેદરના અધ્યક્ષસ્થાને વિદાય સમારોહ યોજાયો હતો.

●ઉમિયા મહિલા પરિવાર દ્વારા ઊંઝા, સુંધામાતા, આબુ અને અંબાજીનો બે દિવસનો પ્રવાસ યોજાયો.

●ડભોડા ગામની સીમની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ શકુનિ ઝડપાયા.

●રખિયાલ પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી લીધો છે.

●માણસા તાલુકાના વરસોડા ગામે તસ્કરે ખેડૂતના ૧૧ કટ્ટા એરંડાની ચોરી કરી લેતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

●માણસાના ચરાડા ગામે અજાણ્યા શખ્સ દ્વારા ટ્યુબવેલના કેબલ વાયરની ચોરીની ઘટના નોંધાઈ છે.

●કલોલમાં યુવકના હાથમાંથી મોબાઈલ ફોનની લૂંટ ચલાવી ઈસમો બાઈક લઈ નાસી છુટ્યા.

●ગાંધીનગરના ચંદ્રાલા ગામે મંદિર આગળ પાર્ક કરેલુ બાઈક ગઠિયો ચોરી રફુચક્કર થયાની ઘટના નોંધાઈ છે.

●આઈપીએલની મેચ પર ઓનલાઈન જુગાર રમતો ઈસમ કુડાસણ ગામેથી ઝડપાયો.

●શિહોલી મોટી ગામે ચામુંડા માતાજીનો સ્થાપના દિવસ ભક્તિભાવથી ઉજવાયો.

●ડી.માર્ટ પાસે આડેધડ પાર્કિંગ કરતાં વાહનચાલકો પરેશાન થયા અને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા.

●ગાંધીનગર શહેરમાં નવી પાર્કિંગ પોલીસી તૈયાર કરવાની કવાયત તેજ બની.

●સેક્ટરોના આંતરિક માર્ગો પર નવા બમ્પ બનાવવાની કામગીરી હાથ ધરાઈ.

●ગાંધીનગરમાં પંચાયત બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષાને લઈ આજે રજાના દિવસે પણ કચેરીઓ ચાલુ રહી હતી.

# લેકાવાડા પાસે આઈવા પાછળ રીક્ષા ઘુસી જતા મુસાફરનું મૃત્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના લેકાવાડા પાટીયા પાસે ગઈરાત્રીએ આઈવા પાછળ રીક્ષા ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં રીક્ષામાં સવાર એક મુસાફરનું મૃત્યુ નિપજયું હતું. જયારે અન્ય બે મુસાફરોને શરીરે ઈજા પહોંચી હતી. લેકાવાડા રોડ પર પશુ આવી જતા આઈવાના ચાલકે બ્રેક મારતા અકસ્માત સર્જાયો હતો.બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. ત્યારે રખડતા ઢોરને પગલે લેકવાડા પાસે થયેલા અકસ્માતમાં જીઈબીના વ્યકિતએ જીવ ગુમાવવો પડ્યો છે. અડાલજ ખાતે રહેતા નેનુરામ દોલારામ રાજબોરા શ્રીજી સપ્લાયરની માલીકની આઈવા ટ્રકના ડ્રાઈવર તરીકે છેલ્લા બે વર્ષથી નોકરી કરે છે. ગઈકાલે રાત્રીના પોણા અગીયાર વાગે નેનુરામ શ્રીજી પ્લાન્ટમાંથી રેતી આઈવા ગાડીમાં ભરીને સેકટર-૨૯ ખાતે ખાલી કરવા જઈ રહ્યા હતા. તે સમયે મોટા ચિલોડા થઈ લેકાવાડા પાટીયા તરફ જતા અચાનક ગાડીને બ્રેક મારી ધીમી પાડી હતી. તે સમયે પાછળ કંઈ ટકારાયાનો અવાજ આવ્યો હતો. જેથી ગાડી સાઈડમાં કરીને જોતા પાછળ સીએનજી રીક્ષા ટકરાઈ હતી.જયારે રીક્ષામાં સવાર ત્રણ મુસાફરોને ઈજા પહોચી હતી. જેમાં એક મુસાફરનું મૃત્યુ નિપજયુ હતું. અકસ્માતને પગલે વાહનચાલકો અને અન્ય નાગરીકો એકઠા થઈ ગયા હતા. બનાવને પગલે ૧૦૮ ને કોલ કરતા આવી જતા મુસાફરોને સારવાર માટે ખસેડાયા હતા. જયારે તપાસ કરતા મૃતક વ્યકતિ મેહુલકુમાર રામજીભાઈ સોલંકી (રહે જીઈબી કોલોની પેથાપુર) હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શિહોલીમોટી ગામે શ્રી ચામુંડા માતાજીની જન્મદિવસ ૫૧ કિલોની કેક કાપી ઉજવણી કરી



ચિલોડા,તા.૦૮

શિહોલીમોટી ગામે શ્રી ચામુંડા માતાજીનો જન્મદિવસ ઉજવાયો ૫૧ કિલોની કેક કાપી ઉજવણી કરી. સૌ ભાવિકભક્તોએ શ્રદ્ધા પૂર્વક પ્રસાદ્ લીધો સરપંચ શ્રી પરબતસિંહ ઠા કોર સહિત સૌ ભાવિક માઈભક્તો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી ચૈત્રી વદ એકમના શુક્રવારે ગાંધીનગર તાલુકાના શિહોલીમોટી ગામે વર્ષોજૂનું શ્રી ચામુંડા માતાજીના સ્થાનક ગણાતું મંદિરે માતાજીનો અનોખો જન્મદિવસ ની ઉજવણીમાં ૫૧ કીલોની રંગબેરંગી જેમ્બો કેક તલવારથી કાપીને ગામના સરપંચ શ્રી પરબતસિંહ એમ.ઠાકોર સહિત સૌ ભાવિકો એ જન્મદિવસ નીઉજવણી માં ખૂબ ઉમંગભેર પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી



શિક્ષણ વિભાગ નવા સચિવાલય ગાંધીનગર ખાતે ડ્રાઈવરશ્રી ઓમપ્રકાશ બી.પંચાલ નો ૩૧/૩/૨૦૨૩ સેવા નિવૃત્તિ દિવસે અધિક મુખ્ય સચિવશ્રી એસ. જે. હૈદર IAS સાહેબની ઉપસ્થિતિ માં વિદાય સમારોહ યોજાયો. શ્રી પંચાલ શિક્ષણ વિભાગ ખાતે નિમણૂક થઈ ત્યારથી આજ સુધી ઉચ્ચ IAS પદાધિકારીઓ સાથે ડ્રાઈવર તરીકે ખંત અને નિષ્ઠાપૂર્વક કામ કરેલ છે જેની કદર કરી મોમેંટો આપી નિવૃત્તિ સમય અને સ્વાસ્થ સારું રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. વિભાગના મહેકમ અધિકારીઓ અને કર્મચારીઓએ પણ શુભેચ્છા પાઠવી હતી.

## છાલા ગામે મંદિરના પાર્કિંગમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં વાહનચોરીનું પ્રમાણ દિવસે ને દિવસે વધતુ જાય છે. ત્યારે ચંદ્રાલા ગામે મંદિરમાં દર્શન કરવા ગયેલા યુવકનું બાઈક ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. યુવકે મંદિરના કંમ્પાઉન્ડમાં તળાવ નજીક બાઈક પાર્ક કર્યું હતું. ત્યારે અજાણ્યો શખ્સ બાઈક ચોરી કરી ફરાર થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હનુમાન જયંતિના દિવસે ચંદ્રાલા ગામે સુખદ રોડ ઉપર આવેલા હનુમાનજી મંદિરે ટીનુજી લક્ષ્મણજી ફતાજી ડાભી બાઈક લઈ દર્શન કરવા ગયા હતા. હનુમાન જયંતિ હોવાથી મંદિરે ભકતોની ભારે ભીડ હતી. જેથી બાઈક મંદિરના કંમ્પાઉન્ડમાં બહાર આવી તળાવ નજીક પાર્ક કરી બાઈકને લોક મારી મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. મંદિરે દર્શન કરી પ્રસાદ લઈ પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરવા છતા મળી આવ્યું ન હતું. જેથી રૂ.૩૦ હજારના બાઈક ચોરી અંગે યુવકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## અપના અડ્ડા પાસેથી આઈપીએલ મેચ પર સટ્ટો રમતો સટ્ટોડીયો ઝડપાયો

ગાંધીગનર,તા.૮

ગાંધીનગર શહેરમાં આઈપીએલનો માહોલ જામતા સટ્ટોડીયા સક્રિય થઈ ગયા છે. ત્યારે શહેરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા યુવકોને પકડવા માટે પોલીસ પણ કાર્યરત થઈ ગઈ છે.ત્યારે શહેરના કુડાસણ વિસ્તારમાં અપના અડ્ડાની પાસે સર્વિસ રોડ પરથી મેચ પર સટ્ટો રમતો યુવક ઝડપાયો છે. પોલીસે યુવક પાસેથી આઈફોન-૧૩ અને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૨૧૦૦ મળી કુલ રૂ.૫૨,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન રીલાયન્સ ચોકડી આવતા બાતમી મળી હતી કે કુડાસણ અપના અડ્ડા કેફે આગળ એક સફેદ આછા ગ્રીન કલરનું ટી-શર્ટ અને જીન્સ પહેરેલ શખ્સ હાલમાં હૈદરાબાદ અને લખનઉં મેચ પર મોબાઈલમાંથી હારજીતનો ક્રિકેટ સટ્ટો રમે છે. જેથી પોલીસે રેઈડ કરી યુવકને પકડી પાડી મોબાઈલ ચેક કરતા બ્રેવ એપ્લીકેશનમાં મેચના સટ્ટાનું મેનુ ચાલુ હતું. યુવકનુ નામ પુછતા જયદિપકુમાર હિતેન્દ્ર હાલાણી (ઠકકર, રહે એન-૨૦૪ અક્ષત હેવન કુડાસણ મુળ રહે. થરા સાંઈ ટાઉનશીપ મકાન નં.૪૬ દીયોદર રોડ) હોવાનું જણાવ્યું હતું. યુવકે રાધે એકસચેન્જ એપ્લીકેશન દ્વારા લાઈવ મેચ પર ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં વિશ્વ આરોગ્ય દિવસ અંગે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર,તા.૦૮

વિશ્વ આરોગ્ય દિવસ દર વર્ષે ૭ એપ્રિલ ના રોજ ઉજવાય છે. ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા માં ડૉ.ધર્મેશ પટેલે જણાવ્યું કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા આ દિવસની શરુઆત ૧૯૫૦ માં કરવામાં આવી હતી અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક આરોગ્ય અને તેની સાથે સંકળાયેલી સમસ્યાઓ ધ્યાનમાં લેવાનો છે. આ વર્ષની થીમ છે "હેલ્થ ફોર ઓલ" જેનો અભિગમ છે કે આરોગ્ય પ્રાથમિક માનવ અધિકાર છે. કોઈપણ વ્યક્તિને જ્યારે પણ આરોગ્ય અંગેની જે પણ મદદ જોઈએ તે કોઈ પણ નાણાકીય મુશ્કેલી વિના તેને મળવી જોઈએ. આજે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન તેનાં ૭૫ માં સ્થાપના દિવસની પણ ઉજવણી કરશે. ઉર્ઝ્ દ્વારા સૌ પ્રથમ ૧૯૪૮ માં જિનીવામાં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને વર્ષ ૧૯૫૦ માં સમગ્ર વિશ્વમાં




પ્રથમવાર વર્લ્ડ હેલ્થ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા ૭ દાયકામાં લોકોનાં જીવનધોરણમાં જાહેર સ્વાસ્થ્યની સફળતાની સમીક્ષા કરવામાં આવેલ. સંસ્થાના સંયોજક ડૉ.રાજીવ પટેલે જણાવ્યું કે "હેલ્થ ફોર ઓલ" થીમ દ્વારા એવી તક ઉભી કરવાનો આશય છે જે આરોગ્ય સામેનાં વર્તમાન અને ભાવિ પડકારોનો સામનો કરવામાં મદદ કરી શકે. રા.સે.યો. ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.હસમુખ પંચાલે સર્વે નો આભાર માન્યો અને મહાવિદ્યાલય ના વિદ્યાર્થીઓને પોતાના સ્વાસ્થ્ય ની સંભાળ રાખવાની ચાવી મળ્યાનો આનંદ છવાયો.